એમ.બી.ગાંધી
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

# સંમતિપત્ર

નં.સા.વે.ઝોન(અઠવા)/આ. ૬૨૪૮
તારીખ: ૨૨ / ૧૧ / ૨૦૨૪

પ્રતિ,
.......................................
.......................................
.......................................
.......................................
.......................................

**વિષય :**– સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સબ ઝોન–૫ માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગ,પાર્ટી પ્લોટ,ગાર્ડનોમાં આવેલ અંડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓને સફાઈ કરવાનું કામ.
**સંદર્ભ :**– (૧) સ્થા.સ.ઠ.નં.૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર યુનિટ રેઈટ મુજબ
(૨) એડી.સીટી.ઈજનેરશ્રીની તા. ૨૨/૧૧/૨૦૨૪ ના રોજની મંજુરી.

**મહાશય,**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સબ ઝોન–૫ માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગ,પાર્ટી પ્લોટ,ગાર્ડનોમાં આવેલ અંડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓને સફાઈ કરવાનું કામ સંદર્ભ(૧)મુજબ સ્થા.સ.ઠ.નં.૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર યુનિટ રેઈટ મુજબ રૂા.૪,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા. ૦૨/૧૨/૨૦૨૪ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૪,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૮૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૬. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.
૭. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૯. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૧૦. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

**બીડાણ** : (૧) શીડયુલ–બી ની નકલ.

s/d
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**નકલ રવાના** : તમામ ખાતા/ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ જાણ તથા નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.